આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

*ભગ્ન હૃદયને દિલાસો આપી સાંધવું એ જ સાચી પ્રાર્થના છે*
**- સાધુ વાસવાણી**

વર્ષ : (૨૭) અંક નં. ૬૬ | ૧૬ મે ૨૦૧૨, બુધવાર, વૈશાખ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# ગિફ્ટ સિટી માટે છ કરોડના માર્ગો મંજૂર

## મેટ્રો રેલની કનેક્ટીવીટી બાદ રોડ ટ્રાન્સપોર્ટેશનને પણ અગ્રતા

ગાંધીનગર, તા. ૧૫

રાજ્ય સરકારના અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગિફ્ટ સિટીના નિર્માણ કાર્યને વેગવંતુ બનાવવા માટે આજે વધુ રૂ. ૬ કરોડના માર્ગોના કામોને વહીવટીય મંજૂરી આપી છે.

રાજ્યના માર્ગ અને મકાન વિભાગના મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આ અંગેની મંજૂરી આપી દેતાં આગામી દિવસોમાં આ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગિફ્ટ સિટી જવા માટે રાયસણ ગામ નજીક સાબરમતી નદી પર બ્રીજ બનાવવા રૂ. ૧.૩૧ કરોડના કામને મંજૂરી આપવામાં આવી છે.

આ ઉપરાંત ગિફ્ટ સિટીના હયાત રસ્તાના અપગ્રેડેશન તથા નવા રસ્તાના કામો માટે રૂ. ૪ કરોડ ૫૫ લાખની મંજૂરી આપી છે.

ગિફ્ટ સિટીને જોડતા માર્ગોના અપગ્રેડેશન તેમજ રાયસણ નજીક બ્રીજ બનાવવાના કામને મંજૂરી આપવામાં આવતાં અહિ માલ ટ્રાન્સપોર્ટેશનને અગ્રતા આપવામાં આવી રહી છે.

ગિફ્ટ સિટીમાં બે ટાવરોના નિર્માણની કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે અને ડિસેમ્બર-૨૦૧૨ સુધીમાં તે કાર્યરત થઈ જશે તેવો વિશ્વાસ ગિફ્ટ સિટી સત્તાવાળાઓ ધરાવી રહ્યા છે. ગિફ્ટી સિટીને પ્રથમ મેટ્રોરેલની કનેક્ટીવીટી આપવાના

● અનુસંધાન પાન-૭ પર

# સુવિધા કેન્દ્રોને બેઠાં કરવા આઉટસોર્સિંગની મદદ લેવાશે

## સે-૨૩ સુવિધા કેન્દ્રમાં પ્રાયોગિક ધોરણે કામ હાથ ધરાશે

## ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ : એજન્સી નક્કી કરી કામ સોંપાશે

ગાંધીનગર, તા.૧૫

શહેરના સેકટરોમાં સ્થિત સુવિધા કેન્દ્રો મેનપાવર અને માલસામાનના અભાવે શોભાના ગાંઠીયા સમાન ભાસી રહ્યા છે. સેકટરોમાં સ્થિત સંખ્યાબંધ સરકારી આવાસોમાં હજારોની સંખ્યામાં રહેણાંક ધરાવતા વસાહતીઓની નાની-મોટી ફરિયાદો રોજબરોજ ટલ્લે ચઢે છે. ત્યારે બિનઉપયોગી બનવા તરફ જઈ રહેલા સુવિધા કેન્દ્રો મારફતે હવે આઉટ સોર્સથી કામ કરાવવાની ગતિવિધિઓ આરંભી દેવાઈ છે જે અન્વયે સે-૨૩ સુવિધા કેન્દ્રમાં પ્રાયોગિક ધોરણે આઉટસોર્સથી કામગીરી આરંભવા ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે.

શહેરના સેકટરોમાં દાયકાઓ પૂર્વે નિર્માણ કરાયેલી ઈન્કવાયરી કચેરીઓ જરૂરી સ્ટાફ અને પર્યાપ્ત માલસામાનના અભાવે બિનઉપયોગી બની હોવાનો જનઆક્રોશ પ્રબળ બન્યો છે. હાલની સ્થિતિએ શહેરમાં વિવિધ સેકટરોમાં જુદી જુદી કક્ષાના ૧૬૨૮૫ જેટલા સરકારી મકાનો અસ્તિત્વ ધરાવે છે. પરંતુ આ મકાનોમાં વસવાટ કરતા કર્મચારીઓની આવાસ સંબંધિત નાની-મોટી ફરિયાદો નિવારવાનું કામ તંત્ર માટે પણ હવે મુશ્કેલરૂપ બન્યું છે. હજારોની વસતી સામે સુવિધા કેન્દ્રોમાં મિસ્ત્રી, કડીયા કે મજુરની સંખ્યા પણ માત્ર એક જ હોવાનો છાનો આક્રોશ ખૂદ તંત્રના અધિકારીઓ જ સેવી રહ્યા છે. આવા સંજોગોમાં સુવિધા કેન્દ્રોના ચોપડે નોંધાતી 'કમ્પલેઈન્સ'નું નિરાકરણ લાવવાનું કામ પણ અત્યંત મુશ્કેલ બન્યું હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. જેને અનુલક્ષી સુવિધા કેન્દ્રોને પુનઃ લોકઉપયોગી બનાવવા ઉચ્ચ કક્ષાએ આઉટસોર્સથી કામ હાથ ધરવા પણ લાંબા સમયથી વિચારણા કરવામાં આવી રહી હતી. જેને અનુલક્ષી પ્રાથમિક તબક્કામાં પ્રાયોગિક ધોરણે સે-૨૩ સુવિધા કેન્દ્રનું કામ આઉટસોર્સથી હાથ ધરવા ટેન્ડર પ્રક્રિયા પણ આરંભી દેવાઈ છે. જેના આધારે સરકારી રહેણાંક અને બિન રહેણાંક મકાનોની રોજબરોજની જાળવણી અને નિભાવણીની કામગીરી ખાનગી એજન્સીને સોંપવામાં આવશે. પ્રાથમિક ધોરણે સે-૨૩ સુવિધા કેન્દ્રમાં આ પ્રયોગ અમલી બનાવાયા બાદ શહેરના સેકટરોમાં સ્થિત અન્ય સુવિધા કેન્દ્રોમાં પણ આઉટસોર્સથી કામગીરી હાથ ધરવામાં આવે તેવી સંભાવના છે.



'આજે આવું, કાલે આવું' કરતો ઉનાળો આખરે આવી જ પહોંચ્યો છે અને ધીમે-ધીમે પોતાનો અસલી મિજાજ દેખાડવા પણ માંડ્યો છે. ગરમીનો પારો દિન-પ્રતિદિન ઉપર ચડીને ગરમીનો પરિચય આપવા લાગ્યો છે અને ગરમીથી લોકો-પશુ-પંખીઓ અને પ્રકૃતિ પણ ત્રાહિમામ્ થવા લાગી છે. પ્રસ્તુત તસવીર આવી જ ત્રસ્ત થયેલી પ્રકૃતિની છે. આમ તો ઉનાળામાં અમુક ફૂલ-ફળ ખીલે છે, પણ અનેક છોડ-વૃક્ષો સુકાઈ પણ જાય છે. પાનખર આવી હોય એમ ઊભાં ઝાડ સુકાવા માંડે છે ગરમીના પ્રતાપે ને કદાચ એમની દુઆથી જ ગરમી પછી વરસાદનું આગમન થાય છે. **(તસવીર : દિપક જાની)**

# ચોમાસા દરમિયાન દરેક સી.એચ.સી. પર રેપીડ રિસ્પોન્સ ટીમ તૈનાત રહેશે

## આરોગ્ય સેવાના સઘનીકરણ તેમજ પેયજળ પ્રદૂષિત ના થાય તે માટે તંત્ર દ્વારા કલોરીનેશનની કામગીરી અસરકારક કરાવવા તાકીદ કરતા કલેકટર

ગાંધીનગર, તા.૧૫

ચોમાસાની સીઝન દરમિયાન જિલ્લાના તમામ સી.એચ.સી. સેન્ટરો ખાતે આરોગ્યની કામગીરી માટે એક ખાસ રેપીડ રિસ્પોન્સ ટીમ તૈનાત રહેશે.

જિલ્લાના પ્રિ.મોન્સુન ડિઝાસ્ટર પ્લાન માટે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જિલ્લામાં નદી કિનારાના વિસ્તારો પર વસેલા ગ્રામ્ય વિસ્તારમાં ખાસ ફર્સ્ટ એઈડ સારવારની કીટો પણ ઉપલબ્ધ બનાવવા માટે તંત્રને તાકીદ કરવામાં આવી છે.

જિલ્લા કલેકટરશ્રીએ ગઈકાલે ડિઝાસ્ટર પ્લાન અંગેની વિસ્તૃત ચર્ચા દરમિયાન જે મકાનો

● અનુસંધાન પાન-૭ પર

## વ્યવસાયિક ટેકનિકલ શિક્ષણ સંસ્થામાં પ્રવેશ ફી નિર્ધારણ બીલ સરકારને પરત મોકલાયું

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત વ્યવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ વિધેયક રાજ્યપાલે પરત મોકલી આપતાં આ વર્ષે રાજ્ય બહારના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહી.

શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઉદ્યોગોમાં તાલીમબદ્ધ માનવશક્તિની માંગ અને પુરવઠા વચ્ચેનો તફાવત ઘટાડવાના હેતુથી ગુજરાત રાજ્યમાં વ્યવસાયિક અભ્યાસક્રમોમાં મંજુર કરેલી બેઠકોની સંખ્યામાં છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન વર્ષો વર્ષ નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા બે ત્રણ વર્ષમાં વ્યાવસાયિક અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા પૂરી કર્યા પછી કેટલીક વિદ્યાશાખાઓમાં નોંધપાત્ર બેઠકો ખાલી રહી છે. તોજ સમયે રાજસ્થાન અને મહારાષ્ટ્ર જેવા પડોશી રાજ્યોમાં તેમજ તામિલનાડુ કર્ણાટક અને આંધ્રપ્રદેશ જેવા દૂરના રાજ્યો ઘણા સમયથી બીજા રાજ્યોના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી રહ્યા છે. આનાથી તેમજ રાજ્યના વિદ્યાર્થીઓમાં સ્પર્ધા અને જ્ઞાનની બાબતમાં વધારો થયો છે.

આથી ગુજરાતમાં ખાલી બેઠકો ભરવા માટે તેમજ આપણા વિદ્યાર્થીઓની સ્પર્ધાત્મક વધારવા માટે સરકાર દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવે તેવી મર્યાદામાં રહીને રાજ્યની બિન સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાં બીજા રાજ્યોના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું જરૂરી જણાયું છે. આથી રાજ્ય સરકારે ગત વિધાનસભાના અંદાજપત્ર સત્રમાં આ અંગેનું સુધારા વિધેયક લાવીને આ બીલને પસાર કરીને રાજ્યપાલની મંજુરી અર્થે મોકલી આપવામાં આવ્યું હતું.

# છઠ્ઠા પગારપંચના સુધારેલા પગાર ભથ્થાના તફાવતનો ચોથો હપ્તો રોકડમાં ચૂકવાશે

## ૪.૬૭ કર્મચારીઓ અને ૩.૫૩ લાખ પેન્શનરોને લાભ અપાશે

ગાંધીનગર, તા.૧૫

મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્ય સરકારના કર્મયોગીઓને છઠ્ઠા પગારપંચના અમલના નિર્ણય અનુસાર ચૂકવવાપાત્ર પગાર ભથ્થા તફાવતના ચોથા હપ્તાની રકમ રોકડમાં ચૂકવવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારે છઠ્ઠા પગારપંચનો લાભ કર્મયોગીઓને તા.૧ જાન્યુઆરી-૨૦૦૬થી આપવાના અગાઉ કરેલા નિર્ણય અનુસાર ૧ જાન્યુઆરી-૨૦૦૬ થી ૩૧ માર્ચ-૨૦૦૯ સુધી પગાર અને મોંઘવારી ભથ્થાની તફાવતની રકમ દરવર્ષે ૨૦ ટકા લેખે પાંચ હપ્તામાં કર્મયોગીઓને સામાન્ય ભવિષ્ય નિધિમાં જમા કરવાની રહેતી હતી.

મુખ્યમંત્રીશ્રીએ અગાઉ

● અનુસંધાન પાન-૭ પર

IELTS & SPOKEN ENGLISH
STUDY, WORK & SETTLE IN
NEW ZEALAND · CANADA
AUSTRALIA · UK · USA
SINGAPORE & MALAYSIA
NORWAY *HONG KONG
*20000+ Stu Counseled
*200+ College & Uni
PYRAMID Foreign Education
117/8 Megh Malhar, Opp. H P Petrol Pump, Sector 11, Gandhinagar M : 9737315213

બેંક ઓફ બરોડા
"મોન્સુન બોનાન્ઝા"
૧૪-૫-૨૦૧૨થી.... રીટેઈલ લોન કેમ્પેઈન
હાઉસીંગ લોનના વ્યાજ દરમાં ધરખમ ઘટાડો
૧૫ વર્ષ સુધી માત્ર ૧૦.૭૫%
૧૬ થી ૨૫ વર્ષ માત્ર ૧૧.૦૦%
ડેઈલી રીડ્યુસીંગ
પ્રોસેસીંગ ચાર્જ "શૂન્ય"
મકાનની લોનની રકમ જેટલો પર્સનલ અકસ્માત વિમો અને પ્રોપર્ટીનો વિમો પણ તદ્દન "ફ્રી"
સંપર્ક : શ્રી સંજીવ કુમાર (સેલ્સ ઓફીસર)
૯૯૨૫૨ ૩૬૧૨૨, ૨૩૨-૨૧૧૨૦, ૨૬૦૭૯, ૧૩૨૨૮, ૮૭૯૪૫




ઉત્તર ગુજરાતના 'ફાર્મસી'ના વિદ્યાર્થીઓ માટે ખુશીના સમાચાર...
(મહેસાણા, ગાંધીનગર)
'TCCI EPL' શરૂ કરે છે.
GPET-2013
ફી ₹ 14000/-
વર્ગ શરૂ થવાની તા. 05.07.2012 થી 30.04.2013
(દર રવિવારના '5' કલાકના ટીચીંગ, સાહિત્ય સાથેના વર્ગ)
GPET-2013
માત્ર મહેસાણા, ગાંધીનગર શાખા માટે જ !
'GPET' રેંકર્સ & Ph.D. કક્ષાના પ્રાધ્યાપકો દ્વારા શિક્ષણ

18 વર્ષથી સતત સ્પર્ધાત્મક પરીક્ષાઓના ક્ષેત્રમાં...!!
TET-2012
દરરોજનું 5 કલાકનું શિક્ષણ
TETમાં સંપૂર્ણ પ્રવેશ બંધ તા.18.05.12
92% સરેરાશ સફળતાની ટકાવારી સાથે 'સદા આગે'
પ્રવેશ મેળવતા પહેલાં ગુણવત્તા ભર્યું 'શિક્ષણ તથા અદ્યતન સાહિત્ય'નું અવશ્ય ધ્યાન રાખો !
18 વર્ષનો સ્પર્ધાત્મક પરીક્ષાઓનો વિશાળ અનુભવ ધરાવતો 'TET'ની ખાસ 'TCCIEPL' પરીવાર !
MUKESH PATEL (GS / QA / TOR)
Dr. D.M. BHADRESARIA (M.A.B.Ed., M.phill, UGC-SLET, Ph.D) શિક્ષક અભિયોગ્યતા - વ્યાકરણ - સાહિત્ય TET સ્પેશ્યાલીસ્ટ
DR. U. PANDYA - English (MA, Ph.D)
DR. NINABEN - Gujarati (Ph.D)
MR. RAJUBHAI PATEL - Eng./Guj. (MA B.Ed-LLB)
MR. J. JALA - Maths (B.Sc., B.Ed., Retd. Principal)
MR. MADHUKAR CHAUHAN - ગુજરાતી સાહિત્ય/વ્યાકરણ (M.A., M.phill, UGC-SLET / NET)
DR. A PATEL - (Ph.D Pharm) - જનરલ સ્ટડીઝ/ગણિત
સાહિત્ય સહયોગ 'TCCI KNOWLEDGE VALLEY PUBLICATION'
ટૂંક સમયમાં B.Ed. માટે TETની જગ્યાઓ જાહેર થશે
TET-TAT-HTAT-UGCNET/SLET માટે ખાસ મેગેઝીન "KNOWLEDGE VALLEY"

કોન્સ્ટેબલ માટે જ ગેરંટેડ બેચ
100% લેખિત ગેરંટીથી કોન્સ્ટેબલમાં પ્રવેશ
વર્ગ ફક્ત પાટણ-ગાંધીનગર
પ્રવેશ બંધ તા. 18.05.2012
કોન્સ્ટેબલ
પાટણ, ગાંધીનગર
29.11.12 થી ગાંધીનગર શાખાનું નવું સરનામું
પ્લોટ 99, ઓફીસ 206, બીજો માળ, શ્રી સ્કવેર, ઘ-રોડના છેડા પર, પેથાપુર ક્રોસ (સર્કલ) રોડ, (મહુડી રોડ), પેથાપુર, ગાંધીનગર.

TCCI EDUCATION PVT. LTD.
૧૯ વર્ષથી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા....
પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A, ગાંધીનગર

| GANDHINAGAR | PALANPUR | PATAN | MAHESANA | VISNAGAR | HIMATNAGAR | HELPLINE |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| 95740 04321 | 95740 04322 | 95740 04323 | 95740 04324 | 95740 04325 | 95740 04326 | 95740 04328 |

GPSC (વર્ગ 1/2) Dy. SP/DC/મામલતદારની 1350 જગ્યાઓ - સંભવિત ઓક્ટોબર-2012